## ચુંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, જિ. સુરત

ઠે. ''મહેસૂલી ભવન અડાજણ'' ત્રીજો માળ, વેસ્ટર્ન હાઈટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ. જિ. સુરત

Phone No. 0261-2789909 Emial ID: 68.cityprantnorth@gmail.com

નં.ઈએસટી/ગુ.સ.મં/ચૂંટણી/સુમુલ/ચૂંટણી જાહેરાત/૨૦૨૬ તા. ૦૮/૦૬/૨૦૨૬

નમૂનો-૧
(જુઓ નિયમ-૧૬)

સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણી અંગેની જાહેરાત

મે.કલેકટર સાહેબશ્રી, સુરતનાં પત્ર ક્રમાંકઃસ્થા/સ્વ.ચું./SUMUL-CMPUL/ચુંટણી/ વશી.૭૯૦/૨૦૨૬ તા.૦૮/૦૪/૨૦૨૬ થી સુરત-તાપી ડીસ્ટ્રીક્ટ કો.ઓ. મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લી. સુરતની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચુંટણી યોજવા અંગેની કાર્યવાહી કરવા અમોને ચૂંટણી અધિકારી તરીકે અધિકૃત કરવામાં આવેલ છે. ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ નાં નિયમ-૧૬ થી મળેલી સત્તાની રૂએ હું શ્રીમતી એન.એન.સવાણી, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જિ.સુરત આથી જાહેર કરું છું કે, સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની ચૂંટણી થવાની છે. અને આ સાથેની અનુસુચિનાં હરોળ-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળો (જેનો આમાં હવે પછી "સબંધિત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની ચૂંટણીના સંબંધમાં-

(એ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૨ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામે હરોળ-૨ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારીપત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરે છે.

(બી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૩ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળનાં સંબંધમાં ઉમેદવારી પત્રો સ્વિકારવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના હરોળ-૩ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારીપત્ર તૈયાર કરી શકાય/સ્વિકારી શકાય તે સ્થળ તરીકે નક્કી કરે છે.

(સી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૪ માં નિર્દિષ્ટ કરેલ તારીખને, સંબંધિત મતદાર મંડળનાં સંબંધમાં, મળેલા ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરે છે.

(ડી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૫ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ અને સમય અને સંબંધિત મતદાર સામે હરોળ-૫ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા ઉમેદવારીપત્રોની ચકાસણી માટેના સ્થળ તરીકે નક્કી કરે છે.

(ઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૬ માં નિર્દિષ્ટ કરેલ તારીખને, માન્ય ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરે છે.

(એફ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૭ માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(જી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૮ માં નિર્દિષ્ટ કરેલી તારીખને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં, હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિદ્ધિની તારીખ તરીકે નક્કી કરે છે.

(એચ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૯ માં નિર્દિષ્ટ કરેલ તારીખને સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોય તો જે તારીખે તે કરવાની હોય તે તારીખ તરીકે નક્કી કરે છે.

(આઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહુ અનુસૂચિના હરોળ-૧૦ માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાના સમય તરીકે નક્કી કરે છે.

(જે) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિતના હરોળ-૧૧ માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને તેમજ હરોળ-૧૨ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને, મત ગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(કે) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસૂચિના હરોળ-૧૩ માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનના પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરે છે.

:: અનુસૂચિ ::

| હરોળ નંબર | વિગત | સ્થળ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | મતદાર મંડળનું નામઃ- સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની સામાન્ય ચૂંટણી. | | | |
| ૨ | ઉમેદવારી પત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ. | ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી. ઠે."મહેસૂલી ભવન અડાજણ" ત્રીજો માળ, વેસ્ટર્ન હાઇટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ.સુરત. | તા.૧૦/૦૬/૨૦૨૬ (બુધવાર) થી તા.૨૪/૦૬/૨૦૨૬(બુધવાર) સુધી | ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી (કામકાજના દિવસો દરમ્યાન) |
| 3 | ઉમેદવારી પત્રો સ્વીકારવા/ભરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ. | | તા. ૧૦/૦૬/૨૦૨૬ (બુધવાર) થી તા.૨૪/૦૬/૨૦૨૬ (બુધવાર) સુધી | ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી (કામકાજના દિવસો દરમ્યાન) |
| ૪ | મળેલા ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સ્થળ. | (૧) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી. ઠે."મહેસૂલી ભવન અડાજણ" ત્રીજો માળ, વેસ્ટર્ન હાઈટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ. સુરત. (૨) સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ઠે.પો.બો.નં.૫૦૧, સુમુલ ડેરી, સુરત-૩૯૫૦૦૮ | તા.૨૪/૦૬/૨૦૨૬ (બુધવાર) | હરોળ નં.3 ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ |
| ૫ | ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ, સમય અને સ્થળ. | ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી. ઠે.''મહેસૂલી ભવન અડાજણ'' ત્રીજો માળ, વેસ્ટર્ન હાઈટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ. સુરત. | તા.૨૭/૦૬/૨૦૨૬ (શનિવાર) | ૧૧-૦૦ કલાકથી |
| ૬ | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સ્થળ. | (૧) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી. ઠે. ''મહેસૂલી ભવન અડાજણ'' ત્રીજો માળ, વેસ્ટર્ન હાઈટ્સની બાજુમાં, પાલ, જિ. સુરત. (૨) સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ઠે.પો.બો.નં.૫૦૧, સુમુલ ડેરી, સુરત-૩૯૫૦૦૮ | તા.૨૯/૦૬/૨૦૨૬(સોમવાર) | ૧૨-૦૦ કલાકે |
| ૭ | ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાના તારીખ, સમય અને સ્થળ. | ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, જી. સુરતની કચેરી. ઠે. ''મહેસૂલી ભવન અડાજણ'' ત્રીજો માળ, વેસ્ટર્ન હાઈટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ. સુરત. | તા.૨૯/૦૬/૨૦૨૬ (સોમવાર) થી તા.૦૪/૦૭/૨૦૨૬ (શનિવાર) સુધી | ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી |
| ૮ | હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ અને સ્થળ. | (૧) ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જી.સુરતની કચેરી ઠે.''મહેસૂલી ભવન અડાજણ'' ત્રીજો માળ, વેસ્ટર્ન હાઈટ્સની બાજુમાં, પાલ લેક સર્કલ પાસે, પાલ, જિ. સુરત. (૨) સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ઠે. પો.બો.નં.૫૦૧, સુમુલ ડેરી, સુરત-૩૯૫૦૦૮ | તા.૦૬/૦૭/૨૦૨૬ (સોમવાર) | ૧૨-૦૦ કલાકે |
| ૯ | મતદાન જરૂરી હોય તો તેની તારીખ. | આ સાથેના કોષ્ટમાં દર્શાવેલા મતદાન મથકો ઉપર | તા.૧૫/૦૭/૨૦૨૬ (બુધવાર) | સવારે ૦૯-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી |
| ૧૦ | જે સમયે દરમ્યાન મતદાન થશે તે સમય. | આ સાથેના કોષ્ટમાં દર્શાવેલા મતદાન મથકો ઉપર | તા.૧૫/૦૭/૨૦૨૬ (બુધવાર) | સવારે ૦૯-૦૦ થી ૧૬-૦૦ કલાક સુધી |
| ૧૧ | મત ગણતરી માટેની તારીખ અને સમય. | બેન્કવેટ હોલ, સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ઠે.પો.બો.નં.૫૦૧, સુમુલ ડેરી, સુરત-૩૯૫૦૦૮ | તા.૧૭/૦૭/૨૦૨૬ (શુક્રવાર) | ૧૧-૦૦ કલાકેથી |
| ૧૨ | મત ગણતરી માટેનું સ્થળ. | | | હરોળ નં.૧૧ ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ |
| ૧૩ | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ. | | | |

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ ના નિયમ-૧૨ થી મળેલ સત્તાનિ રૂએ હું શ્રીમતી એન.એન.સવાણી, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જિ.સુરત આથી સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની સામાન્ય ચૂંટણી માટે નીચે જણાવેલ સ્થળોને મતદાન મથકો તરીકે જાહેર કરું છું.

:: મતદાન મથકો ::

| અ.નં. | સમાવિષ્ટ તાલુકા મતદાર વિભાગ | બેઠક સંખ્યા | મતદાન મથકનું નામ અને સ્થળ |
|---|---|---|---|
| ૧ | ઓલપાડ | ૧ | બેન્કવેટ હોલ, સુરત જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. સુમુલ ડેરી કેમ્પસ, સુમુલ ડેરી, સુરત. |
| ૨ | ચોર્યાસી | ૧ | બેન્કવેટ હોલ, સુરત જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. સુમુલ ડેરી કેમ્પસ, સુમુલ ડેરી, સુરત. |
| 3 | પલસાણા | ૧ | સુમુલ ડેરી, ટી.એચ.આર.પ્લાન્ટ, મુ.પો.ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત. |
| ૪ | કામરેજ | ૧ | સુમુલ નવીપારડી ડેરી, મુ.પો.નવીપારડી તા.કામરેજ, જિ.સુરત. |
| ૫ | માંડવી | ૧ | એ.પી.એમ.સી. માંડવી, તા. માંડવી, જિ.સુરત. |
| ૬ | મહુવા | ૧ | વાંસકુઇ વાછરડી-પાડી ઉછેર કેન્દ્ર, મુ.પો.વાંસકુઇ તા.અંબિકા, જિ.સુરત. |
| ૭ | માંગરોળ | ૧ | સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લી. માંગરોલ શાખાનું મકાન, મુ.પો.માંગરોલ તા.માંગરોલ, જિ.સુરત. |
| ૮ | ઉમરપાડા | ૧ | APMC-કેવડી, તા.ઉમરપાડા, જિ.સુરત. |
| ૯ | બારડોલી | ૧ | સુરત જિલ્લા સહકારી સંઘ લી. બારડોલી, લેઉવા પાટીદાર સમાજની વાડીની બાજુમાં, અગાસી માતાનાં મંદીર સામે, બારડોલી-ધુલિયા રોડ, તા.બારડોલી, જિ.સુરત. |
| ૧૦ | ઉચ્છલ | ૧ | ઉચ્છલ શીત કેન્દ્ર, મુ.પો.ઉચ્છલ, તા.ઉચ્છલ, જિ.તાપી. |
| ૧૧ | નિઝર | ૧ | નિઝર શીત કેન્દ્ર, મુ.પો.નિઝર, તા.નિઝર, જિ.તાપી. |
| ૧૨ | કુકરમુંડા | ૧ | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ(APMC) મુ.પો.કુકરમુંડા તા. કુકરમુંડા, જિ.તાપી. |
| ૧૩ | વ્યારા | ૧ | વિવિધલક્ષી દક્ષીણાપથ વિદ્યાલય, મુ.પો.વ્યારા, તા.વ્યારા, જિ.તાપી. |
| ૧૪ | સોનગઢ | ૧ | સીનીયર સીટીઝન હોલ, મુ.પો.સોનગઢ, તા.સોનગઢ, જિ.તાપી. |
| ૧૫ | વાલોડ | ૧ | બાજીપુરા શીત કેન્દ્ર, મુ.પો.બાજીપુરા, તા.વાલોડ, જિ.તાપી. |
| ૧૬ | ડોલવણ | ૧ | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ(APMC)-ડોલવણ, મુ.પો.ડોલવણ, જિ.તાપી. |

મંડળી પ્રતિનિધિ બેઠક માટેના ઉમેદવારીપત્રો ચુંટણી કાર્યક્રમની અનુસુચિની હરોળ-૨ માં જણાવ્યા મુજબનાં સ્થળેથી નિયત તારીખ અને સમય દરમ્યાન આપવામાં આવશે અને અનુસુચિની હરોળ-3 માં જણાવ્યા મુજબનાં સ્થળે નિયત તારીખ અને સમય સુધી સ્વીકારવામાં આવશે.

સુરત-તાપી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. નાં નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની સામાન્ય ચૂંટણીમાં જાહેરનામામાં જણાવ્યા મુજબનાં મતદાન મથકો ઉપર તેની સામે જણાવેલ તાલુકા મતદાર વિભાગમાં સમાવિષ્ટ મતદારોએ મતદાન કરવાનું રહેશે.

(એન.એન.સવાણી)
ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર
સીટી પ્રાંત(ઉત્તર) અડાજણ, જિ.સુરત.

# "ભારત-ચીન હરીફ નહીં, પણ સહકારી ભાગીદાર"

**બંને** દેશોએ એકબીજાને ખતરો ન ગણવો જોઈએ; રશિયન રાષ્ટ્રપતિ પુતિનની ટિપ્પણી બાદ ચીની વિદેશ મંત્રાલયનું મોટું નિવેદન

બેઈજિંગ, તા. 8 (PTI): ચીન અને ભારતે 'સાચી વ્યૂહાત્મક ધારણા' પર અડગ રહેવું જોઈએ કે તેઓ હરીફ નથી, પરંતુ સહકારી ભાગીદારો છે અને એકબીજાના વિકાસ માટે તક છે, ખતરો નહીં. એમ સોમવારે એક ટોચના ચીની અધિકારીએ જણાવ્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાન દ્વારા ગુરુવારે પીટીઆઈ સહિત અગ્રણી વૈશ્વિક સમાચાર એજન્સીઓના વડાઓ સાથેની વાતચીત દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચીન-ભારત સંબંધો પરની ટિપ્પણીઓ અને બંને દેશો સાથે ગાઢ સંબંધો જાળવી રાખવાના મોસ્કોના પ્રયાસો અંગેના પ્રશ્નના જવાબમાં મીડિયા બ્રીફિંગમાં આ ટિપ્પણી કરવામાં આવી હતી.

લિનએ જણાવ્યું હતું કે, ચીન-ભારત સરહદની સ્થિતિ હાલમાં સામાન્ય રીતે સ્થિર છે અને બંને પક્ષો વચ્ચે સુગમ સંવાદ છે.

લિનએ કહ્યું કે, "ચીન અને ભારત પાસે સાચી વ્યૂહાત્મક ધારણા હોવી જરૂરી છે કે બંને દેશો સહકાર ભાગીદાર છે, સ્પર્ધાત્મક હરીફો નથી અને એકબીજાના વિકાસ માટે તકો છે, ખતરો નથી."

બેઈજિંગ છેલ્લા કેટલાક સમયથી વારંવાર કહી રહ્યું છે કે, ભારત અને ચીને એકબીજાને હરીફ તરીકે નહીં, પરંતુ સહકારી ભાગીદાર તરીકે જોવા જોઈએ.




# INDIA બ્લોકની બેઠકમાં ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ

**ચૂંટણી** ચોરી' મુદ્દે CJIને પત્ર લખવાનો નિર્ણય

**કોંગ્રેસ** મોટા ભાઈની ભૂમિકા ભજવે તેવી અખિલેશ યાદવની અપીલ

નવી દિલ્હી, ૮ જૂનઃ નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવાના પૃષ્ઠભૂમિમાં, નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે સોમવારે વિપક્ષી ગઠબંધન 'INDIA' બ્લોકની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આશરે અઢી કલાક ચાલેલી આ બેઠકમાં ૨૨ પક્ષોના ટોચના નેતાઓએ ભાગ લીધો હતો. બેઠકમાં નેતાઓએ ભાજપ સામે એકજૂથ થઈને લડવાનો સંકલ્પ કર્યો હતો અને તાજેતરના NEET-CBSE વિવાદ મુદ્દે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના તાત્કાલિક રાજીનામાની માંગ કરી છે.

આ ઉપરાંત, વિપક્ષી નેતાઓએ મતદાર યાદીમાં ગેરરીતિ (SIR) અને 'વોટ લૂંટ'ના ગંભીર આરોપો અંગે દેશના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખવાનું સર્વાનુમતે નક્કી કર્યું છે.

**અંદરની વિગતોઃ મમતા-સોનિયાની મુલાકાત**

સૂત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ બંગાળમાં કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના વડા મમતા બેનર્જીના વલણમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. બેઠક શરૂ થતાં પહેલાં મમતા બેનર્જી અને સોનિયા ગાંધી વચ્ચે ૧૦ મિનિટ મુલાકાત થઈ હતી, જ્યાં બંને નેતાઓ ગળે મળ્યા હતા. મમતા બેનર્જીએ આગ્રહ કર્યો હતો કે ગઠબંધનના સાથી પક્ષોએ એકબીજાની જાહેરમાં ટીકા કરવાનું ટાળવું જોઈએ.

આગામી વર્ષે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીની બેઠકોની વહેંચણી પહેલાં સપા પ્રમુખ અખિલેશ યાદવે કોંગ્રેસને સલાહ આપી છે કે, કોંગ્રેસ ગઠબંધનનો મુખ્ય આધાર છે પરંતુ તેણે રાજ્યોમાં મજબૂત પ્રાદેશિક પક્ષોને સમર્થન આપીને 'મોટું દિલ' બતાવવું પડશે.


ફક્ત રૂ. ૮૦/- થી શરૂ
ડેવિડ ધવનનું કોમેડી ફેમિલી ફિલ્મ




હે જવાની તો ઈશ્ક હોના હૈ
વરૂણ ધવન, મૃણાલ ઠાકુર, પૂજા હેગડે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત એકશન થ્રીલર



પેડ્ડી
રામચરણ
જાન્હવી કપુર
કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



RAJHANS®
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત




હે જવાની તો ઈશ્ક હોના હૈ
૧૧.૦૦, ૧૨.૩૦, ૨.૦૦, ૪.૪૦, ૬.૦૦, ૭.૨૦, રાત્રેઃ ૧૦.૦૦
પેડ્ડી ૧૧.૧૫, ૨.૪૫, ૬.૧૫, રાત્રેઃ ૯.૪૫
બંદર 3.00 રાત્રેઃ ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
: 99984 46007
: @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

ડેવીડ ધવનનું ફુલ કોમેડી ચિત્ર




હે જવાની તો ઈશ્ક હોના હૈ
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૧૦, ૩.૦૦, ૪.૪૫, ૫.૩૦, ૬.૦૦, ૭.૨૦, રાત્રે ૮.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૧.૦૦
કૃષ્ણાવતારમ-1
હિન્દી : ૯.૦૦, ૧૨.૧૦, ૨.૧૦, ૬.૪૦
ધરપકડ ગુજરાતી : ૧૧.૪૫, ૨.૧૦, ૭.૧૦
હી-મેન હિન્દી : ૯.૦૦, ૪.૧૦

એકશન થીલર




પેડ્ડી
રામચરણ
જાન્હવી કપુર
કૃતિ સેનન
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૩૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૦, ૧૧.૦૦
શુભ મંગલ ધમાલ ગુજરાતી : ૧૨.૦૦, ૫.૩૦, રાત્રે ૮.૩૦
ચાંદ મેરા દિલ ૧૧.૩૦, ૪.૩૦, રાત્રે ૧૧.૦૦
ધ ગ્રેટ ગ્રાન્ડ સુપર હીરો હિન્દી : રાત્રે ૮.૦૦
બંદર ૯.૨૫, ૩.૦૦, રાત્રે ૧૦.૩૦


# પશ્ચિમ બંગાળમાં કારમી હાર પછી મમતા બેનરજીની કારકિર્દી ખતમ થઈ ગઈ છે?

રાજકારણનું બીજું નામ જ અનિશ્ચિતતા છે. આજે જેઓ સત્તાના સિંહાસન પર ગર્વથી બિરાજે છે તેઓ આવતી કાલે ધૂળ ચાટતા થઈ જાય અને પરમ દિવસે જેલમાં ધકેલાઈ જાય તેવું પણ બની શકે છે. જે નેતાનાં દર્શન કરવા લાખો લોકો પડાપડી કરતાં હોય તે નેતા સામેથી પસાર થઈ જાય તો કોઈ તેની સામે પણ ન જુએ તેવું રાજકારણમાં બની શકે છે. પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી મમતા બેનરજીને પણ આ સત્યનો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. તાજેતરમાં તેઓ કાલિઘાટ મંદિરે દર્શન કરવા ગયાં ત્યારે આમ નાગરિકની જેમ તેમણે લાઈનમાં ઊભા રહેવું પડ્યું હતું. ત્યાં હાજર રહેલાં દર્શનાર્થીઓએ તેમની હાજરીની નોંધ પણ લીધી નહોતી. શું મમતા બેનરજીએ જે પાર્ટી બનાવી અને પોતાની મહેનતથી માત્ર ૧૫ વર્ષમાં શૂન્યથી ટોચ પર પહોંચાડી, તે પાર્ટી તેમના હાથમાંથી સરકી જશે? શું તેમને પોતાના ઘરમાંથી વિસ્થાપિત થવાનો ભય છે? ૫૮ ધારાસભ્યોના બળવા અને હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનરજીને ગૃહમાં વિરોધ પક્ષના નેતા બનાવ્યા પછી પશ્ચિમ બંગાળનાં રાજકીય વર્તુળોમાં આ પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે.



બે તૃતિયાંશ ધારાસભ્યોના બળવા પછી તાત્કાલિક પગલાં લેતાં મમતા બેનરજીએ પાર્ટીની બધી સમિતિઓ અને સંગઠનોનાં વિસર્જન કરી દીધાં છે અને ચૂંટણીનાં પરિણામોના ઊંડાણપૂર્વક વિશ્લેષણની શરૂઆત કરી છે. તેઓ પાર્ટીના મહાસચિવ અભિષેક બેનરજી અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકોમાં વ્યસ્ત છે. તેમણે હજુ સુધી બળવા અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી, પણ કદાચ તેમને પાર્ટીમાં આ ભાગલાનો ખ્યાલ આવી ગયો હતો. ચાર દાયકાથી વધુની રાજકીય કારકિર્દીમાં મમતા બેનરજીએ ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીને ફક્ત એક જ બેઠક મળી હતી અથવા ૨૦૦૬ની વિધાનસભા ચૂંટણીમાં તે ફક્ત ૨૯ બેઠકો પર સમેટાઈ ગઈ હતી. પહેલી વાર આખો પક્ષ તેમના હાથમાંથી સરકી રહ્યો છે. શું તેઓ પૌરાણિક પક્ષી ફોનિક્સની જેમ ફરી એક વાર રાખમાંથી જીવતાં થઈ શકશે?

બળવાખોર ધારાસભ્યોએ સ્પષ્ટ કરી દીધું છે કે તેમનો ગુસ્સો અભિષેક બેનરજી અને તેમની પાર્ટી ચલાવવાની રીત સાથે છે, મમતા સાથે નહીં. મમતાની સમસ્યા એ છે કે આ જાણવા છતાં, તે અભિષેકને છોડી શકતી નથી. આનું એક કારણ છે. પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ નામ ન આપવાની શરતે કહ્યું કે એ સાચું છે કે જેમ જેમ અભિષેકનું પક્ષમાં કદ વધતું ગયું, તેમ તેમ ઘણા જૂના નેતાઓનો રોષ વધવા લાગ્યો. તેમના ઉપરાંત, નવી પેઢીના ઘણા નેતાઓમાં અસંતોષ પણ વધી રહ્યો હતો. આ કારણોસર શુભેન્દુ અધિકારી પણ પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા હતા.બધું જાણીને પણ મમતા અભિષેકને છોડી શકતાં નથી. આ ફક્ત પારિવારિક મામલો નથી. અભિષેકને મુક્ત કરવાથી કે તેમની સામે કોઈ કાર્યવાહી કરવાથી એવો સંદેશો જશે કે તેઓ બળવાખોરોની ધમકીઓ સામે ઝૂકી ગયાં છે. મમતાના સ્વભાવમાં નમવું નથી. બદલાયેલા સંજોગોમાં મમતા બેનરજી વિધાનસભાની ઘટનાની કાનૂની માન્યતાને કોર્ટમાં પડકારવાનું વિચારી રહ્યાં છે. આ માટે કાયદાકીય નિષ્ણાતોની સલાહ લેવામાં આવી રહી છે. પાર્ટી કોર્ટમાં પ્રશ્ન ઉઠાવશે કે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્યને વિધાનસભામાં તે જ પક્ષના નેતા કેવી રીતે બનાવી શકાય?

વધુમાં, પાર્ટી હવે તેના સાંસદોની ગતિવિધિઓ પર નજીકથી નજર રાખી રહી છે. ખાસ કરીને ચાર વખતના સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારના તાજેતરના બળવાખોર વલણ પછી પાર્ટીમાં ચિંતા વધી રહી છે કે તેના સાંસદોને આમ આદમી પાર્ટીના સાંસદો જેવું જ પરિણામ



ભોગવવું પડી શકે છે. બુધવારે મોડી રાત્રે મમતાના નિવાસસ્થાને પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકમાં પણ આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બીજી તરફ, બંગાળમાં અને ત્યાર બાદ પાર્ટીમાં સત્તા ગુમાવ્યા બાદ મમતાએ હવે પોતાનું ધ્યાન દિલ્હી પર કેન્દ્રિત કર્યું છે. અભિષેક સાથે તેઓ ૮ જૂને દિલ્હીમાં ઇન્ડિયા બ્લોકની બેઠકમાં હાજરી આપી રહ્યાં છે. પાર્ટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે મમતા બેનર્જી આગામી લોકસભા ચૂંટણીમાં દરેક બેઠક પર એક વિરુદ્ધ એક (એટલે કે, ભાજપ વિરુદ્ધ એક) સામાન્ય વિપક્ષી ગઠબંધન ઉમેદવાર ઊભા રાખવાની ફોર્મ્યુલાની હિમાયત કરશે. પાર્ટીના એક નેતા કહે છે કે મમતા તે બેઠકમાં બોમ્બ ફેંકવાની તૈયારી કરી રહ્યાં છે.

તૃણમૂલ કોંગ્રેસનાં સૂત્રો કહે છે કે ૧૯૮૪ પછી વચ્ચેનાં બે વર્ષ સિવાય, ક્યારેય એવું બન્યું નથી કે મમતા બેનર્જી સાંસદ કે ધારાસભ્ય ન હોય. હાલમાં તેમના લોકસભા કે વિધાનસભામાં પહોંચવાની કોઈ શક્યતા દેખાતી નથી. હાલમાં બસીરહાટ લોકસભા બેઠક સાંસદ હાજી નુરુલ ઇસ્લામના અવસાનને કારણે ખાલી છે અને ત્યાં પેટાચૂંટણી યોજાવાની છે, પરંતુ પાર્ટી તે બેઠક પર મમતા બેનરજીને મેદાનમાં ઊતારી શકે તેમ નથી. ત્યાં હાર તેમને વધુ શરમજનક બનાવશે.

મમતા બેનરજીની રાજકીય કારકિર્દી સ્પષ્ટપણે બે તબક્કામાં વહેંચાયેલી છે. શરૂઆતથી ૨૦૧૧ સુધી તેઓ મુખ્યત્વે વિરોધ પક્ષમાં રહ્યાં. તેમનું પ્રાથમિક લક્ષ્ય પશ્ચિમ બંગાળમાંથી ડાબેરી મોરચાને હાંકી કાઢવાનું હતું. આગામી ૧૫ વર્ષ સુધી તેઓ મુખ્યમંત્રી તરીકે સત્તાનાં સુકાન પર રહ્યાં. મુખ્યમંત્રી તરીકેનાં તેમનાં ૧૫ વર્ષના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચારના આરોપોએ તેમને અને તેમના પક્ષને ઊંડી અસર કરી છે. તેમની સાદગીભરી જીવનશૈલી લાંબા સમયથી તેમની પ્રામાણિકતાની ઓળખ હતી. જો કે, વિપક્ષી ભાજપ અથવા સીપીએમે તેમના પર માત્ર ભ્રષ્ટાચારનો જ નહીં પરંતુ ઉદ્યોગને આકર્ષવામાં અને વહીવટકર્તા તરીકે રોજગારીનું સર્જન કરવામાં નિષ્ફળ રહેવાનો પણ આરોપ મૂક્યો છે.વિપક્ષે કહ્યું કે છેલ્લા દોઢ દાયકામાં રાજ્યમાં એક પણ મોટું રોકાણ આવ્યું નથી. હકીકતમાં, દિવંગત દિગ્ગજ ડાબેરી નેતા શ્યામલ ચક્રવર્તી માનતા હતા કે રસ્તાઓ પરના સંઘર્ષે મમતા બેનરજીને વિપક્ષી નેતા તરીકે સ્થાપિત કર્યાં હતાં, પરંતુ સત્તામાં આવ્યા પછી, તે જ ગુણો તેમના માટે સમસ્યા બની ગયાં. બરાબર દસ વર્ષ પહેલાં શ્યામલ ચક્રવર્તીએ કહ્યું હતું કે સાહિત્યકાર સંજીવ ચંદ્ર ચેટર્જીએ એક વાર લખ્યું હતું કે જંગલમાં જંગલી પ્રાણીઓ સુંદર હોય છે. બાળકો તેમની માતાના ખોળામાં સુંદર હોય છે. હું તેને થોડું ફેરવીને કહેવા માંગુ છું કે જંગલી પ્રાણીઓ જંગલમાં સુંદર હોય છે અને મમતા બેનરજી વિપક્ષમાં સુંદર છે.

પશ્ચિમ બંગાળમાં લોકોનો એક મોટો વર્ગ માને છે કે તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ગમે તેટલાં ભ્રષ્ટ હોય, પાર્ટીના ટોચના નેતા પર ક્યારેય કોઈ ડાઘ લાગ્યો નથી. ઘણાં લોકો માનતાં હતાં કે તેઓ વ્યક્તિગત રીતે ભ્રષ્ટાચારથી સંપૂર્ણપણે મુક્ત હતાં, પરંતુ ૨૦૨૬ ની વિધાનસભા ચૂંટણીનાં પરિણામોએ સાબિત કર્યું છે કે મમતા બેનર્જીની વ્યક્તિગત લોકપ્રિયતા હવે પાર્ટીની બધી નિષ્ફળતાઓને છુપાવવા અને તૃણમૂલ કોંગ્રેસને જીત અપાવવા માટે પૂરતી નથી.

એક સમયે સંઘ પરિવારની નજીક રહેલા અને હવે સ્થાનિક નાગરિક સમાજ સંગઠન સાથે સંકળાયેલા પીઢ પત્રકાર રંતીદેવી સેનગુપ્તાના મતે મમતા બેનરજીને રાજકારણમાં અપ્રસ્તુત માનવું એ એક ગંભીર ભૂલ હશે. મમતા બેનરજી ઘાયલ સિંહણની જેમ ફરી ત્રાટકી શકે છે. જો કે, પશ્ચિમ બંગાળના રાજકારણ પર નજર રાખનારાં ઘણાં લોકો માને છે કે મમતા બેનરજી માટે પરિસ્થિતિને પલટવી ખૂબ મુશ્કેલ હશે. આ માટે મમતા બેનરજીએ નવી ભાજપ સરકાર ભૂલો કરે તેની રાહ જોવી પડશે. પશ્ચિમ બંગાળનો રાજકીય ઇતિહાસ સાક્ષી છે કે એક વાર આ રાજ્યનાં લોકો કોઈ પક્ષને સત્તા પરથી દૂર કરે છે, તે પછી તેઓ તેને ફરીથી સત્તામાં આવવા દેતા નથી. મમતા બેનરજી આ નિયમનો અપવાદ બની શકશે કે નહીં તે તેમના પોતાના દેખાવ પર નિર્ભર રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પશ્ચિમ બંગાળમાં લોકોનો એક મોટો વર્ગ માને છે કે તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ગમે તેટલાં ભ્રષ્ટ હોય, પાર્ટીના ટોચનાં નેતા પર ક્યારેય કોઈ ડાઘ લાગ્યો નથી**

# પીઓકેમાં હિંસા: 4 પોલીસ સહિત 11નાં મોત, 70ને ઈજા

**વિવાદાસ્પદ** 12 અનામત બેઠકો નાબૂદ કરવા મુદ્દે હંગામો

મુઝફ્ફરાબાદ, તા. 8 : પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) માં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં 11 લોકોનાં મોત થયાં છે, જ્યારે 70થી વધુ લોકો ઘાયલ થયા છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, આ હિંસા જોઈન્ટ અવામી એક્શન કમિટી (જેએએસી) અને પ્રાદેશિક સરકાર વચ્ચે ચાલી રહેલા વિવાદ દરમિયાન થઈ હતી. રિપોર્ટ અનુસાર, મૃતકોમાં 7 નાગરિકો અને 4 પોલીસકર્મીઓ સામેલ છે, જ્યારે 23 સુરક્ષાકર્મીઓ અને આશરે 50 પ્રદર્શનકારીઓ ઘાયલ થયા છે. પોલીસે અત્યાર સુધીમાં 30 લોકોની ધરપકડ કરી છે. પીઓકેમાં જેએએસી અને સરકાર વચ્ચે વિધાનસભાની 12 અનામત બેઠકોને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ બેઠકો તે શરણાર્થીઓ માટે અનામત છે જેઓ જમ્મુ-કાશ્મીરથી પાકિસ્તાનના અન્ય ભાગોમાં જઈને વસ્યા હતા. જેએએસી આ બેઠકો નાબૂદ કરવાની માંગ સાથે આંદોલન કરી રહ્યું છે. સરકારે 5 જૂનના રોજ જેએએસી પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ પ્રતિબંધ લગાવી દીધો હતો. ત્યાર પછીથી વિસ્તારમાં તણાવ સતત વધી રહ્યો છે. રવિવારે જેએએસીના કાર્યકરો સંગઠનના એક સભ્યના મોતના વિરોધમાં હોસ્પિટલના શબઘરની બહાર પ્રદર્શન કરી રહ્યા હતા. સભ્યનું મોત કથિત રીતે પોલીસ ફાયરિંગમાં થયું હતું. પોલીસ જ્યારે પ્રદર્શનકારીઓને હટાવવા પહોંચી ત્યારે જ અથડામણ શરૂ થઈ ગઈ અને હિંસા ફાટી નીકળી. રાવલકોટના કમિશનર સરદાર વહીદ ખાને જણાવ્યું હતું કે, પ્રદર્શનકારીઓના ગોળીબારમાં ચાર પોલીસકર્મીઓ અને એક રાહદારીનું મોત થયું છે. ખાને દાવો કર્યો હતો કે આના જવાબમાં સુરક્ષા દળોની કાર્યવાહીમાં છ પ્રદર્શનકારીઓ માર્યા ગયા હતા.